જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૭/૨૦૨૧ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૧૮/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૧ | ૦ | ૧૧૬૩૧ | ૧૭૭૪૨ | ૦ | ૧૭૭૪૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૨૯ | ૦ | ૪૭૨૯ | ૬૨૬૪ | ૦ | ૬૨૬૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૯૬ | ૦ | ૯૬ | ૩૪૧ | ૦ | ૩૪૧ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૩૧૭૦ | ૨૨૮ | ૬૩૩૯૮ | ૬૩૭૪૯ | ૨૩૨ | ૬૩૯૮૧ |
| કુલ | | ૭૯૬૨૬ | ૨૨૮ | ૭૯૮૫૪ | ૮૮૦૯૬ | ૨૩૨ | ૮૮૩૨૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૭ | ૩,૨૫,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૫૧ | ૧૭,૫૧,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૨૧૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૨૬૦ લીટર દેશી દારૂ, ૬૯૫૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૫૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ, ૧ ઓટોરીક્ષા, ૦૨ ટેમ્પો ગાડી, ૩ કાર અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૨૮૭/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૨૨૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૨૨૧/૨૦૨૧**

**ગુજરાત યુનિવર્સીટી** : સંપુર્ણાબહેન ડો/ઓ સંજયભાઈ પટનાયક (ઉ.વ.૨૭)(રહે.પહેલો માળ, નાગરજી સોસાયટી, અભિયાન એપાર્ટમેન્ટ સામે, દર્પણ સર્કલ પાસે, નારણપુરા) એ તા.૦૬/૦૭/૨૦૨૧ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૧ બપોરના ૩/30 વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઇલ નંબર ૯૩૯૪૮૬૬૧૫૧ પરથી વાત કરનાર અજાણ્યા ઇસમે સંપુર્ણાબહેન ને સોફા ખરીદ કરવાનુ જણાવી, તેમના ગુગલ પે એકાઉન્ટમાં રૂપિયા ૦૧/- ક્રેડીટ કરી બાદ બાકી રહેતી રકમ તેમના એકાઉન્ટમાં મોકલી આપેલ હોવાનુ જણાવી, સંપુર્ણાબહેન ને વિશ્વાસમાં લઈ તેમના ગુગલ પે એકાઉન્ટ માં ક્યુ.આર કોડ સ્કેન કરાવી, તેમના "બેંક ઓફ મહારાષ્ટ્રા" અને "યુનિયન બેંક ઓફ ઈન્ડીયા" ના ખાતા સાથે લીંક કરેલ પે.ટી.એમ. અને ગુગલ પે એપ્લીકેશન માંથી કુલ રૂપિયા ૧૯,૭૯૯/- મેળવી લઇ, સંપુર્ણાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ ચોરી:-** **સમાચાર યાદી નં.૧૨૨૨/૨૦૨૧**

**અમરાઇવાડી** : ગોરધનભાઇ મથુરદાસ પટેલ (ઉ.વ.૪૫)(રહે.કર્ણાવતી ટેનામેન્ટ મહાદેવનગર વસ્ત્રાલ રોડ રામોલ) એ તા.૦૬/૦૭/૨૦૨૧ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી તા.૦૫/૦૭/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન અમરાઇવાડી રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા પાસે શ્રમજીવી એસ્ટેટમાં આવેલ પોતાની "શક્તી એન્જીનીરીંગ વર્ક્સ" નામની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, લોખંડના ૨૪ નંગ રાઉન્ડ રોલ કિંમત રૂપિયા ૫૯,૫૦૦/- મતાના ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૩/૨૦૨૧**

**ગાયકવાડ હવેલી** : વસીમભાઇ રશીદભાઇ બીહારવાલા (ઉ.વ.૨૮)(રહે.આસ્ટોડીયા બાગ ઇસ્માઇલ પીરની દરગાહ પાસે, પાંચપીપળી જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદ્રકાંન્ત રામલખન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી